# આકાશમાં દિનભર વાદળો ગોરંભાયેલા રહ્યા પરંતુ વરસાદે હાથતાળી આપી

## વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર છાંટણા વરસાવતા વરસાદથી ભીંજારો : બપોરે ઉકળાટના લીધે નગરજનોને અકળામણ

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં આજે સવારથી જ આકાશમાં ઘનઘોર વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી નઝારો નિખર્યો હતો. પરંતુ મોડી સાંજ સુધી ગોરંભાયેલા



વાદળો વરસ્યા ન હતા. ભારે વરસાદની આગાહી વચ્ચે આખો દિવસ કોરો રહેતા વરસાદની આશ લગાવી ઈન્તેજારી કરતા નગરજનોમાં પણ નારાજગી વ્યાપી હતી. સિઝનના પ્રારંભિક વરસાદના અંતે નગરમાં ઠેર ઠેર હરિયાળી નિખરી છે.

ગાંધીનગરમાં શરૂઆતથી જ વરસાદનો મિજજ કાંઈક અલગ જોવા મળી રહ્યો છે. શરૂઆતમાં પ્રિમોન્સુન એકટીવીટીના ભાગરૂપે વરસાદ આવ્યો પરંતુ ચોમાસાની શરૂઆત બાદ વરસાદી ઝાપટા વચ્ચે રોજબરોજ મેઘરાજા મનમુકીને વરસાદ વરશે તેવી આશ સાથે નગરજનો નભ તરફ ડોકિયુ કરી રહ્યા છે. ગત સપ્તાહ દરમિયાન રાત્રિના ત્રણ કલાકમાં ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો. આ સિવાય રોજ બરોજ વરસાદ ક્યારેક ઝરમર વરસીને ડોકીયુ કરીને અદ્રશ્ય થઈ જાય છે જયારે આકાશમાં રોજ ગોરંભાતા વરસાદી વાદળો આજે ધોધમાર વરસાદ વરસશે તેવી આશ જન્માવી નગરજનોને છેતરી જાય છે. આજે પણ સવારથી જ વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ .જયારે આખો દિવસના વાદળિયા વાતાવરણ વચ્ચે ક્યારેક ક્યારેક વરસાદી છાંટણા વરસ્યા હતા. પરંતુ ધોધમાર વરસાદની આશ આજે પણ ઠગારી નિવડી હતી. સવારથી સાંજ સુધી વરસાદી વાદળો આકાશમાં ગોરંભાયેલા રહ્યા હતા. પરંતુ વરસાદ હાથતાળી આપી ગયો હતો. ગાંધીનગરમાં ભારે વરસાદ આવશે તેવી હવામાન તજજ્ઞોની આગાહી પણ આ દિવસોમાં છે ત્યારે ભારે વરસાદની સંભાવના વચ્ચે રોજ બરોજ નગરજનો આકાશમાં ગોરંભાયેલા વાદળો તરફ મીટ માંડે છે. પરંતુ મેઘરાજા હજુ હેત વરસાવતા નથી. આજે વરસાદી વાતાવરણ નિખર્યુ હતુ.પરંતુ વરસાદની ગેરહાજરીમાં બપોરના સમયે ઉકળાટનુ પ્રમાણ વધતા નગરજનોએ ગરમીનો અહેસાસ કર્યો હતો. શહેરમાં સિઝનનો માંડ સાત ઈંચ જેટલો વરસાદ થયો છે. ઓગષ્ટ મહીનાના પ્રથમ સપ્તાહ બાદ પણ શ્રાવણના સરવરિયા પણ પુરતા વરસતા નથી. દિવસ દરમિયાન ઝરમરિયા વરસાદના લીધે નગરમાં ભીંજારાનો માહોલ જોવા મળી રહ્યો છે.




સંકલ્પથી સિદ્ધિ - નિર્ણાયક નેતૃત્ત્વના ૩ વર્ષની ઉજળણીનો જાનદાર કાર્યક્રમ મહાત્મા મંદિર ખાતે યોજાયો હતો... જેમાં આગામી દિવસોમાં મુખ્યમંત્રીએ પોતાના સંકલ્પો વ્યક્ત કરી ૩ વર્ષના કાર્યકાળનો હિસાબ-કિતાબ રજૂ કર્યો હતો... નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે કૃષિ, આરોગ્ય અને જળસિંચાઈની મહત્વની વાતો કરી વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા...

# પાલજમાં પાણીની સમસ્યા ડામવા વર્ષો જુની પાઈપલાઈન બદલાશે

## દાયકા જુની કટાયેલી પાઇપલાઇન બદલીને મોટાડાયામીટરની લાઇન નાંખવામાં આવશે : ટુંકમાં કામ શરૂ કરાશે

ગાંધીનગર તા ૮

ગાંધીનગરના શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પાણીની સમસ્યા હજુ હલ થઈ નથી. અલબત્ત ગામોમાં પાણીની પોકારને ડામવા માટે પાણીનો નવો બોર બનાવવા સહીત સંપ અને ઓવરહેડ ટાંકીના નિર્માણની કામગીરી પણ પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે પુરતા સપ્લાયથી પાણી આપવા માટે દાયકાઓ જુની પાઈપલાઈન પણ બદલવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. પાલજમાં પાણીની સમસ્યા પેચીદી બની છે ત્યારે જુની અને કટાયેલી પાઈપલાઈન દુર કરી નવી લાઈન નાંખવા માટે ટુંકમાં કામ હાથ ધરાશે.

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકાર સમયાંતરે ઉઠતી રહે છે. દાયકાઓના અંતે પણ શહેરી વિસ્તારના ગામોમાં પાણી , ગટર અને રસ્તાના કામો હજુ પુર્ણ થયા નથી. જેના લીધે શહેરી વિસ્તારના ગામોમાં ગ્રામજનોને દુવિધાઓનો સામનો કરવો પડે છે. શહેરી વિસ્તારના પાલજ , બાસણ , આદિવાડા, બોરીજ ઈન્દ્રોડા, ધોળાકુવા સહીતના ગામોમાં પાણીની સમસ્યા ડામવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ શહેરી ગામોમાં પાણીના નવા બોર બનાવવા કામ હાથ ધરાયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની ૧૮ બાંધકામ સાઈટો પરથી એડીસ મચ્છરોના બ્રીડીંગ મળ્યા

## તંત્ર દ્વારા સંચાલકોને નોટીસ અપાઈ હવે પછી કડક કાર્યવાહીના સંકેતો પણ અપાયા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર તાલુકા સહિત જિલ્લામાં ચાલતી ૨૨૧ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટો પર આજે મેલેરિયા શાખા દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે ૧૮ જેટલી સાઈટો પર મચ્છરોના ભારે બ્રીડીંગ મળતાં તંત્ર દ્વારા સાઈટ સંચાલકોને નોટીસ આપવામાં આવી છે. એટલુ જ નહિ એન્ટી લારવેલની કામગીરી સતત કરવા માટે કડક તાકીદ કરવામાં આવી હતી.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળાની સાનુકૂળ સ્થિતિ નિર્માણ થઈ હોવાથી હરકતમાં આવેલ તંત્રએ આજે બાંધકામ સાઈટો જે ચાલુ છે તેના પર સામુહિક ચકાસણી હાથ ધરી હતી.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ રાંદેસણ, રાયસણ, અડાલજ, ભાટ તેમજ કુડાસણની ૧૧ જેટલી સાઈટ પર તો એડીસ મચ્છરોનું ભારે બ્રીડીંગ જોવા મળ્યુ હતુ તેથી તંત્રની ટીમો ચોંકી ઉઠી હતી.

એન્ટી લારવેલની કામગીરી તાબડતોબ હાથ ધરવામાં આી હતી તેમજ કન્સ્ટ્રક્શન સાઈટોના સંચાલકોને નોટીસ આપવામાં આવી હતી. જો આ પછી પણ બ્રીડીંગ મળશે તો સિલીંગ તેમજ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે તેવી કડક તાકીદ પણ કરવામાં આવી હતી. જિલ્લામાં જે રીતે હવામાન પ્રવર્તી રહ્યુ છે અને ડેન્ગ્યુ તેમજ મેલેરિયાના કેસો મળવાની શરૂઆત થઈ છે તેને લઈ તંત્ર સ્હેજ પણ ચૂક કરવાના મૂડમાં નથી. જિલ્લામાં મચ્છરોનું બ્રીડીંગ અટકાવવા માટે એબેટ સહિતની કામગીરી પણ હાથ ધરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે.

આજે આ સામુહિક તપાસ હાથ ધરાઈ તે પહેલાં બધા જ કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકોને પત્ર લખી એન્ટી લારવેલની કામગીરી માટેની સૂચનાઓ અપાઈ હતી જે નોંધનીય છે.

# ચરેડી પમ્પીંગ સ્ટેશનની ત્રણ દાયકા જુની મશીનરી બદલવા વિચારણા

## જુની મશીનરીના પંપ પણ સક્ષમ નથી જેના લીધે વારંવાર ખામી સર્જાય છે : સેકટરોમાં પાણી સપ્લાય કરવાની પ્રક્રીયા શિરદર્દ સમાન બનતી જાય છે

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં પાણી સપ્લાય કરવા માટે ચરેડી અને સરીતા પમ્પીંગ સ્ટેશનનો ઉપયોગ થાય છે. ચરેડી વોટર વર્કસની મશીનરી સાડા ત્રણ દાયકા જુની છે. જેના લીધે વારંવાર ટેકનિકલ ખામી સર્જાય છે. જયારે પમ્પીંગ સ્ટેશનની મશીનરી બદલવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. જેની પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ થાય તેમ છે.

ગાંધીનગરના સેકટરોમાં પાણીનો કોમન સપ્લાય આપવામાં આવી રહ્યો છે. છેલ્લા આઠ વર્ષથી નવા અને જુના સેકટરોમાં પાણીનો કોમન સપ્લાય આપવાનુ શરૂ કરાયુ છે. અગાઉ જુના અને નવા સેકટરોમાં પાણી વિતરણ અલગ અલગ સમયે કરવામાં આવતુ હતુ. પરંતુ નવી ટાંકીના નિર્માણ તેમજ પાણી વિતરણ વ્વવસ્થા અપગ્રેડ કરાયા બાદ સમગ્ર શહેરમાં કોમન સપ્લાય શરૂ કરી દેવાયો હતો. જયારે હવે કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં ૨૪ કલાક પાણી આપવા માટે પણ કાર્યયોજના તૈયાર થઈ રહી છે. મીટર પધ્ધતિથી પાણી સપ્લાય કરવા માટે આયોજન થઈ રહ્યુ છે. દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ ગાંધીનગરમાં થતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે ચેરડી તેમજ સરીતા પમ્પીંગ સ્ટેશનનુ પણ નવિનીકરણ કરવુ અનિવાર્ય છે. જયારે ચરેડી પમ્પીંગ સ્ટેશનની મશીનરી પણ સાડા ત્રણ દાયકા જુની છે. જેના લીધે હાલની સ્થિતિએ વારંવાર ટેકનિકલ ખામી સર્જાતી હોવાનુ પણ ધ્યાને આવે છે. ચાર દિવસ અગાઉ પણ ચરેડી સ્ટેશન પર બોર્ડ પેનલના વાયરમાં ખામી સર્જાતા પાણીનો સપ્લાય આપી શકાયો ન હતો. આવા સંજોગોમાં ચરેડી પમ્પીંગ સ્ટેશનને અનુલક્ષી નવી મશીનરી કાર્યરત કરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.બીજીતરફ ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના અન્વયે આ કામ હાથ ધરવા પણ વિચારણા ચાલી રહી છે. પરંતુ હાલની સ્થિતિએ જુની મશીનરીના લીધે વારંવાર ફરિયાદો ઉઠવા પામે છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજીવ ગાંધીની ૭૫મી જન્મ જયંતિએ વૃક્ષારોપણ-વક્તૃત્વ-નિબંધ સ્પર્ધાઓ યોજાશે

## દેશમાં અઘોષિત કટોકટી જેવો માહોલ : કોંગ્રેસ : જિલ્લા કારોબારીમાં ગ્રામ સમિતિઓની પુનઃ રચના કરવા ઠરાવ કરાયો

ગાંધીનગર, તા. ૮

આગામી ૨૦મી ઓગષ્ટના રોજ સ્વ. રાજીવ ગાંધીની ૭૫મી જન્મજયંતિની ઉજવણીને યાદગાર બનાવવા વૃક્ષારોપણ, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા જેવા કાર્યક્રમો યોજવા તેમજ નિબંધ અને વકતૃત્વ સ્પર્ધામાં વિજેતા બાળકોને રૂ. ૧ હજારથી ૨૫૦૦ની મર્યાદામાં પુરસ્કારો આપવાનો મહત્વનો નિર્ણય આજે મળેલ જિલ્લા કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠકમાં લેવામાં આવ્યો હતો.

કોંગ્રેસના પ્રદેશ નીરીક્ષકોની હાજરીમાં મળેલ આજની આ બેઠકમાં દિલ્હીના બે પૂર્વ મુખ્યમંત્રીઓ સુશ્રી શીલા દિક્ષીત અને સુશ્રી સુષ્મા સ્વરાજના થયેલા દુઃખદ અવસાન અંગે શોક પ્રસ્તાવ પસાર કરી અને બે મિનિટનું મૌન પાળવામાં આવ્યુ હતુ.

આજની આ બેઠકમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના કાર્યક્રમો અંગે પણ રૂપરેખા તૈયાર કરવાની વિચારણા કરવામાં આવી હતી. જિલ્લા કોંગ્રેસના આગેવાનો દ્વારા પંચાયતના ચૂંટાયેલા સદસ્યોને સાથે રાખી બેઠકવાર સંયુક્ત પ્રવાસ કરવાની સૂચના પણ આપવામાં આવી હતી.

આ બેઠકમાં ગ્રામ સમિતિઓની પુનઃ રચના કરવાના સંકેતો આપવામાં આવ્યા હતા તેમજ જિલ્લા કારોબારી જેવી મહત્વની બેઠકોમાં સતત ગેરહાજર રહેનાર સભ્યોની યાદી પ્રદેશ સમિતિને મોકલી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ બેઠકમાં દેશને ગુમરાહ કરી બંધારણીય સંસ્થાઓને નબળી પાડવાની ભાજપની ચાલથી પ્રજાને વાકેફ કરવાનો વ્યુહ પણ ઘડી કાઢવામાં આવ્યો હતો. કોંગી નેતાઓએ દેશમાં અઘોષિત કટોકટી પ્રવર્તતી હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. લોકશાહીની રક્ષા માટે કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહેલા પ્રયત્નોની જાણ પ્રજાને કરી અને પ્રજા સાથેનો નાતો મજબુત બનાવવા પર ભાર મુકવામાં આવ્યો હતો.

પ્રદેશ નિરીક્ષક મહેન્દ્રસિંહ ધારૈયા, શ્રીમતિ વંદનાબેન પટેલ, પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ,

● અનુસંધાન પાન-૭ પર



શહેરને કચરામુક્ત કરવા માટે સેકટરોમાં યોગ્ય સફાઈ કામગીરી થતી નથી. જયારે નગરને પ્લાસ્ટીકમુકત કરવાનુ અભિયન પણ અભેરાઈએ ચઢાવી દેવાયુ છે. સમયાંતરે તંત્ર દ્વારા પ્લાસ્ટીકનો ઉપયોગ નહીં કરવા માટે નાટકીય ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. શહેરના જાહેર સ્થળો પર કચરા સ્વરૂપે એકત્રિત થતા પ્લાસ્ટીકના કચરાના લીધે તેના વપરાશ અંગે પણ સવાલો મંડરાય છે. સે-૧૫ સાયન્સ કોલેજ પાસે પ્લાસ્ટીકના કચરાનો ઢગ ખડકાયો છે.

# સોનીપુરમાં હડકાયા વાંદરાએ બચકા ભરતાં મહિલાનુ મોત

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર તાલુકાના સોનીપુર ગામે આજે એક વાંદરાને હડકવા ઉપડતાં ૩૧ વર્ષીય મહિલાને બચકા ભરી અને મોતને ઘાટ ઉતારી હતી.

સોનીપુર ગામે બનેલ આ ઘટનાની જાણ વન વિભાગ તેમજ વેટરનરી વિભાગને કરવામાં આવતાં તંત્રની ટીમો ત્યાં દોડી ગઈ હતી અને વાંદરાને પકડવાના પ્રયાસો હાથ ધર્યા છે. જો કે મોડી સાંજ સુધી તે પકડાયો નહિ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સોનીપુર ગામની ૩૧ વર્ષીય મહિલા પુરીબેન ગાભાજી ઠાકોર કુદરતી હાજતને લઈ તળાવ કિનારે ગઈ હતી ત્યાં આવેલા વાંદરાએ તેમને બચકા ભરી અને ઈજાગ્રસ્ત કર્યા હતા. મહિલાને તાત્કાલિક સારવાર માટે દવાખાને લઈ આવવામાં આવી હતી પરંતુ સારવાર દરમ્યાન તે મૃત્યુ પામેલી જાહેર કરવામાં આવી હતી.

મહિલાને હાથે અને શરીરના ભાગો પર વાંદરાએ બચકા ભર્યા હતા. જયારે ગામની મહિલાઓ ખેતરોમાં કામ કરવા જઈ રહી હતી તે

● અનુસંધાન પાન-૭ પર

# સજનબા રહેવરનું અવસાન : નેત્રદાન કરાયુ

ગાંધીનગર, તા. ૮

જાણીતા મહિલા અગ્રણી સજનબા જસવંતસિંહ રહેવરનું આજે સાંજે હૃદયરોગનો હુમલો આવતાં દુઃખદ અવસાન થયેલ છે. સજનબાની અંતિમ યાત્રા સવારે ૮ વાગે તેમના નિવાસસ્થાનેથી નીકળશે. સજનબાની અંતિમ ઈચ્છા પ્રમાણે તેમના નેત્રોનું દાન કરવામાં આવ્યું છે.

# દહેગામ તાલુકા વિકાસ અધિકારીની બદલી થઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકા વિકાસ અધિકારીની બદલીના હુકમો જારી કરાયા છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકા વિકાસ અધિકારી ચૌધરીની બદલી સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે કરવામાં આવી છે. જ્યારે બાયડના તા.વિ. અધિકારી કુ. રૂખીસિંઘ એન. રાજપૂતને દહેગામ મુકવામાં આવેલ છે. રાજ્યના પંચાયત વિભાગે ૩૦ જેટલા તાલુકા વિકાસ અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com